૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.

આંક ૧ લગત

ક્રિમીનલ કેસ નં. ૫૦૭૬૫/૨૨

આંક-

ફરીયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત. વિરૂધ્ધ

આરોપી:- ચંપાબેન રાજેશભાઇ ભીલ

Address - ..........

એપીપી શ્રી પંચાલ

આરોપી તર્ફે વિવ શ્રી ..........

ગુન્હો : કલમ......૬૫ A A......

## ઠરાવ

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદ્દામાલ કલેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ/પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. આ કામના ગુન્હાનું સ્વરૂપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯) આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :-

## હુકમ

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ ગુનો કલમ પ્રોહી કલમ: ૬૫ A A........ ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને રૂા.૫૦/- પુરા અંકે રૂપીયા પચાસ...... પુરા નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દીન-૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું. કુલ દંડ ..૫૦/-

કોર્ટ નં:૫- મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ

તા.૨૧/૯/૨૨

પી. પી. પટેલ
૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી કોર્ટ નં.૫.
જીજે૦૦૯૪૨

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃ ...../...../...... સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નિકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે.

પી.પી. પટેલ મેટ્રો મેજી.

વધુ હુકમઃ

**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નિકાલ ગણવો.**

આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા.૨૭/૯/૨૨
અમદાવાદ

પી.પી. પટેલ
૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.
સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ, જીજે૦૦૯૪૨

૫૦૫૪૪
૫૦/-
Paid
14-9-24

Scanned with OKEN Scanner